ગુજરાત જાહેર સેવા આયોગ

ઈન્ટરવ્યુ સંદર્ભે ઉમેદવારો માટે ખાસ સૂચના

આયોગ દ્વારા સીધી ભરતી કે સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ભરતી પ્રક્રિયા અંતર્ગત રૂબરૂ મુલાકાત આયોજિત કરવામાં આવે છે. આજથી શરૂ થતી રૂબરૂ મુલાકાત સહિત હવે પછીની રૂબરૂ મુલાકાત માટે અનુસરવાની થતી પદ્ધતિમાં આંશિક ફેરફાર કરવામાં આવે છે. એક કરતાં વધુ ઈન્ટરવ્યુ બૉર્ડ હોય ત્યારે રૂબરૂ મુલાકાતના દિવસે હાજર ઉમેદવારોને ડ્રૉ પદ્ધતિથી બૉર્ડ ફાળવવામાં આવે છે. નવી પદ્ધતિ મુજબ ઉમેદવારની ઓળખ છતી ન થાય તે માટે હાજર રહેલ દરેક ઉમેદવારને ડ્રૉ દ્વારા એક યુનિક કોડ ફાળવવામાં આવશે. જો રૂબરૂ મુલાકાત માટે પાત્ર ઉમેદવારોની સંખ્યા ઓછી હોય તો એક જ ઈન્ટરવ્યુ-બૉર્ડ રહેશે અને હાજર રહેલ દરેક ઉમેદવારને ડ્રૉ દ્વારા એક યુનિક કોડ ફાળવવામાં આવશે. સમગ્ર રૂબરૂ મુલાકાત-પ્રક્રિયા દરમ્યાન આ યુનિક કોડ નંબર જ જે-તે ઉમેદવારની ઓળખ રહેશે. ઉમેદવારે રૂબરૂ મુલાકાત દરમ્યાન પરિચય પૂછવામાં આવે ત્યારે પણ પોતાનું નામ ન જણાવતા તેમના ફાળે આવેલ યુનિક કોડથી જ પોતાનો પરિચય આપવાનો રહેશે.

૨. તેવી જ રીતે ઈન્ટરવ્યુ-બૉર્ડમાં હાજર રહેનાર નિષ્ણાતને ઈન્ટરવ્યુ-બૉર્ડની ફાળવણી ડ્રૉ દ્વારા કરવામાં આવે છે. ઈન્ટરવ્યુ બૉર્ડ પાસે કોઈ ઉમેદવારના નામની માહિતી ન રહેતા માત્ર યુનિક કોડ નંબર જ હશે.

૩. સમગ્ર પ્રક્રિયાનો હેતુ યુનિક કોડ નંબર ફાળવવાથી ઉમેદવારની વ્યક્તિગત માહિતી પ્રચ્છન્ન રહે તેમજ ક્યા ઉમેદવાર ક્યા બોર્ડ સમક્ષ ઉપસ્થિત થશે, ક્યા વિષય-નિષ્ણાંત ક્યા બોર્ડમાં ઉપસ્થિત રહી ક્યા ઉમેદવારનો ઇન્ટરવ્યુ લેશે વિગેરે બાબતો પૂર્વ-નિર્ધારીત નહીં રહેતા રૂબરૂ મુલાકાતના દિવસે જ રૂબરૂ મુલાકાત શરૂ થયાના થોડા સમય પહેલાં જ નિર્ધારીત થાય તે છે.

તારીખ-૦૯/૦૧/૨૦૧૭